# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દેશ નું પહેલું ભારતીય A.I. સંશોધન સંગઠન સ્થાપવા રાજ્ય સરકારની મંજૂરી.
2) રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે સરકારી યોજનાઓનો યોગ્ય અમલ કરાવવા અધિકારીઓને અનુરોધ કર્યો.
3) નવા વર્ષની ઉજવણીને લઈ લોકોની સુરક્ષા માટે રાજ્યભરમાં પોલીસ ખડેપગે.
4) સાયબર ઉત્કૃષ્ટતા કેન્દ્ર એ સાયબર ગુનામાં ભોગ બનેલા નાગરિકોની 61 કરોડ રૂપિયાની રકમને બચાવવામાં સફળતા મેળવી.
5) કચ્છ, દેવભૂમિદ્વારકા, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠામાં આવતીકાલે હળવા વરસાદની આગાહી.
6) વડોદરાનાં 17 વર્ષનાં ખેલાડી આસ્મા ઝાબુવાલા SGFI-ની વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં પદાર્પણ કરશે.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GIFT CITY AI REASERCH

ગાંધીનગરના ગુજરાત ઇન્ટરનૅશનલ ફાઈનાન્સ ટૅક સિટી – ગિફ્ટ સિટીમાં ભારતીય કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. સંશોધન સંગઠનની સ્થાપના કરાશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર તથા સ્થાનિક ભારતીય ઔષધીય બનાવટ કંપનીઓના સંગઠન – IPAની ભાગીદારીથી તૈયાર થનારા આ સંગઠન માટે રાજ્ય સરકારે મંજૂરી આપી છે. સંગઠનની પ્રવૃત્તિઓમાં A.I. સંશોધન અને વિકાસ, A.I. આધારિત ચીજવસ્તુઓ અને નિવારણની પદ્ધતિઓના વિકાસ તથા શૈક્ષણિક સંસ્થાઓ , ઉદ્યોગો, સ્ટાર્ટ-અપ્સ અને સરકાર વચ્ચેના સહયોગનો સમાવેશ કરાયો છે.

સાથે જ જાહેર ખાનગી ભાગીદારી – P.P.P. ધોરણે આવા સંગઠનની સ્થાપના કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે. આ પહેલ A.I. માટે કુશળ અને ભવિષ્યનું માનવ સંસાધન બળ તૈયાર કરવાની સાથે A.I. ક્ષેત્રમાં ભારતને વૈશ્વિક હરીફ નેતૃત્વ તરીકે પ્રસ્થાપિત કરશે. તેમજ ઉભરતી ટૅક્નોલૉજી નવીનતા માટે ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બનાવશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . .

# GOVERNOR - NATURAL FARMING STATE LEVAL METING

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજ્યમાં પ્રાકૃતિક ખેતી અંગે થતી કામગીરીની સમીક્ષા કરી. ગાંધીનગરના રાજભવનમાં યોજાયેલી રાજ્યકક્ષાની સમીક્ષા બેઠકમાં રાજ્યપાલશ્રીએ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે તે માટે સરકારની યોજનાઓનો યોગ્ય અમલ કરાવવા અધિકારીઓને જણાવ્યું. તેમણે દેશી ગાયોની સંખ્યામાં વધારો કરવા પણ સૂચન આપ્યા હતા.

બેઠકમાં કૃષિમંત્રી જીતુ વાઘાણીએ સહાયકારી યોજનાઓ , તાલીમ, સંશોધન અને શિક્ષણ અંગે થતી કામગીરીની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સુચન આપ્યાં.

. . . . . . .

# 31ST DECEMBER - LAW AND ORDER

રાજ્યભરમાં આવતીકાલે 31 ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણીને લઈ પોલીસ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રાજ્ય પોલીસ વિવિધ સ્થળોએ તપાસ કરી રહી છે.

અમદાવાદમાં પણ નવા વર્ષને આવકારવા સુરક્ષાના ભાગરૂપે નવ હજારથી વધુ પોલીસકર્મી લોકોની સુરક્ષા માટે ખડેપગે રહેશે. જ્યારે મહિલાઓની સુરક્ષા માટે 71 શી ટીમ પેટ્રોલિંગ એટલે કે, પહેરો કરશે. શહેરના 14 આંતરજિલ્લા ચેકપોસ્ટ તેમજ 63 નાકાબંધી કેન્દ્ર પર તપાસ કરાશે તેમ નાયબ ટ્રાફિક પોલીસ અધિક્ષક ભરત રાઠોડે જણાવ્યું.

**(બાઇટ - ભરત રાઠોડ)**

બીજી તરફ મહેસાણાના કડી , નંદાસણ અને બાવલું સહિતના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસે કાર્યયોજના બનાવી છે.

. . . . . . . . . . . .

# DWARKA – SPECIAL ARRANGEMENT

દેવભૂમિદ્વારકામાં જગતમંદિર સહિતના સ્થળોએ યાત્રાળુઓના ધસારાને પગલે વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિરમાં દર્શનાર્થે આવતા મોટી ઉંમરના લોકો , બાળકો અને દિવ્યાંગો માટે પણ વિશેષ વ્યવસ્થા રહેશે. જ્યારે લોકોની સુરક્ષા માટે SHE ટીમ સહિત 400થી વધુ પોલીસકર્મીને તહેનાત કરાયા હોવાનું નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડે જણાવ્યું.

(બાઇટ - નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................

# CYBER FRAUDS

સાયબર ઉત્કૃષ્ટતા કેન્દ્રને સાયબર ગુનામાં નાગરિકોની 61 કરોડ રૂપિયાની રકમને બચાવવામાં સફળતા મળી છે. આ કેન્દ્રને આ મહિને નાગરિકો તરફથી 121 કરોડ રૂપિયા ગુમાવ્યાની ફરિયાદ મળી હતી. તેમાંથી 50 ટકા સુધીની રકમને બચાવી લેવાઈ છે. સાયબર ગુના માટેની હેલ્પલાઈન 1930 નંબર પર રવિવારે એક હજાર 475 જેટલા કૉલ મળ્યા. તેમાંથી 685 કૉલ આર્થિક ગુના સંબંધિત હોવાનું સાયબર ક્રાઈમના SP ડૉક્ટર રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું.

(BYTE: RAJDEEPSINH JHALA, SP, CYBER CRIME)

. . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આવતીકાલે કચ્છ , દેવભૂમિદ્વારકા, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠામાં છૂટાછવાયા સ્થળ પર હળવા વરસાદની આગાહી કરી છે. વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું , હાલમાં પશ્ચિમી વિક્ષેપ સક્રિય છે. તેના કારણે મધ્ય ટ્રૉપોસ્ફિયર એટલે કે , પૃથ્વીના વાતાવરણનું સૌથી નીચેના સ્તર દરિયાઈ સપાટીથી 5.8 કિલોમીટર પર પસાર થતી પ્રણાલિને કારણે રાજ્યમાં વરસાદી વાતાવરણ સર્જાયું છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

. . . . . . . . . . . .

# VADODARA PLAYER DEBUT

વડોદરાનાં 17 વર્ષનાં ખેલાડી આસ્મા ઝાબુવાલા ભારતીય શાળા રમતગમત મહામંડળ – SGFIમાં વજન ઉપાડવાની રમત – વેઇટલિફ્ટીંગ સ્પર્ધામાં પદાર્પણ કરશે. ધોરણ 12માં ભણતાં આ ખેલાડીએ કઠોર શૈક્ષણિક જવાબદારી સાથે રમતમાં ઊંડો રસ જાળવી રાખ્યો છે.

તેમણે કહ્યું , તેમનું સ્વપ્ન ઑલિમ્પિક રમતમાં વેઇટલિફ્ટીંગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનો છે. SGFI તેમની પ્રથમ મુખ્ય રાષ્ટ્રીય સ્તરનો અનુભવ હોવાથી તેઓ આ તકને પોતાના લક્ષ્ય તરફના અગત્યના પગલાં તરીકે જોવે છે. અગાઉ તેમણે પાવર-લિફ્ટીંગ સ્પર્ધામાં રાજ્યકક્ષાનાં વિજેતા તરીકે માન્યતા મેળવી હતી. ક્લાસિક નૅશનલ સબ-જુનિયર પાવરલિફ્ટીંગ સ્પર્ધામાં પણ આસ્મા ઝાબુવાલાએ ત્રણ રજત અને એક કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . .

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં ,  ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચમી અને અંતિમ T-20 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ રહી છે. કેરળમાં તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાતી મેચમાં શ્રીલંકાની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ ભારતે 3.4 ઓવરમાં 1 વિકેટ 26 રન બનાવ્યાં છે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ ભારત પહેલાથી જ પાંચ મેચની શ્રેણીમાં 4-0ની અજેય સરસાઈ સાથે આગળ છે. રવિવારે રમાયેલી છેલ્લી મેચમાં, યજમાન ભારતે 30 રનથી વિજય મેળવ્યો હતો.

. . . . . . .

# U-11 ATHLETICS MEET SEASON 4.0

ગાંધીનગરની 'ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ' દ્વારા આગામી નવથી 12 જાન્યુઆરી સુરત ખાતે 'રાજ્યકક્ષાની અંડર-૧૧ એથ્લેટિક્સ સ્પર્ધાના ચોથા તબક્કાનું આયોજન કરાયું છે. આ 'મિની ખેલ મહાકુંભ' માટે રાજ્યભરમાંથી ચાર હજાર 500થી વધુ ખેલાડીએ નોંધણી કરાવી છે.

આ સ્પર્ધામાં દોડ , લાંબી અને ઊંચી કૂદ અને ભાલાફેંક સહિતની 11 રમત રમાશે, જેમાં વિજેતાઓને 22 લાખ રૂપિયાના ઇનામ અપાશે. તેમજ વિજેતા બાળકોને જિલ્લાસ્તરની રમતગમત શાળા- DLSSમાં પ્રવેશની તક મળશે.

મોબાઈલ સહિતના ઉપકરણમાં વ્યસ્ત રહેતા બાળકોને મેદાનમાં લાવવા, વૈજ્ઞાનિક અભિગમ સાથે રમતગમતના કૌશલ્ય વિકસાવી તેમને શારીરિક રીતે સક્ષમ અને માનસિક રીતે વધુ મજબૂત બનાવવાનાં હેતુસર આ સ્પર્ધા યોજાશે.

. . . . . . . . . . . . .

# GUJCET DATE EXTENDED

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા – ગુજકેટ 2026 માટે અરજી કરવાની અંતિમ તારીખ લંબાવીને 6 જાન્યુઆરી કરી છે.

ઈજનેરીના સ્નાતકકક્ષાના અને ફાર્મસીના સ્નાતક અને ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માગતા ધોરણ 12ના વિદ્યાર્થીઓ ઓનલાઇન અરજી કરી શકશે. પરીક્ષાની માહિતી પુસ્તિકા સહિતની વિગત WWW.GSEB.ORG અને WWW.GUJCET.GSEB.ORG પરથી જોઈ શકાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . .

# TET ONE EXAM

ગાંધીનગરના રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી શિક્ષક પાત્રતા પરીક્ષા – ટેટ-એકમાં હાજર ઉમેદવારોની ઑપ્ટિકલ માર્ક રેકગ્નિશન – OMR શીટ આજે જાહેર કરવામાં આવી. ઉમેદવારો આગામી ત્રીજી જાન્યુઆરી 2026 સુધી WWW.SEBEXAM.ORG વેબસાઈટ પરથી આ શીટ ડાઉનલોડ કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . .